બનાસકાંઠા જિલ્લા વિસ્તારની કાયદો વ્યવસ્થાની જાળવણી કરતા પોલીસ ખાતાના વડા અશોકકુમાર યાદવના ધર્મપત્ની વિણા યાદવના દોરેલા પેન્ટીંગ્સ ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. આજે પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે મંત્રી શ્રી પરબતભાઈ પટેલે જાતે દોરેલા ચિત્રોનું પ્રદર્શન શહેરના કલારસીકો માટે આગામી ત્રણ દિવસ સુધી ખૂલ્લું મૂક્યું હતું. તેમણે કુદરતી નૈસર્ગિક દ્રશ્યો સહિત દેશના કુલ-૭ જેટલા રાજ્યોના લોકોની જીવનશૈલી ઉપર પેન્ટીંગ્સ દોર્યા છે. તેમનો આ શોખ નાનપણથી જ છે. આજે આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન વેળાએ કલેક્ટરશ્રી થેન્નારસન સહીત શહેરના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહી વિણા યાદવની કલાકૃતિઓને બીરદાવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૬

અંબા મંડળ પેથાપુર દ્વારા આજે તા.૧૭મી માર્ચ ૨૦૧૩ને રવિવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન ડભોડા ગામે સોલંકી પરેશભાઈ કલ્યાણસિંહ તાલુકા શાળાની પાછળ રેલવે સ્ટેશન મોટી બજાર ખાતે આનંદનો ગરબો યોજાશે. જેનો સૌ ભકતજનો લાભ લેશે.

પાંચ આરોપી વિરુદ્ધ રીમાન્ડ રિવીઝનલ અરજી ફગાવાઈ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ સિરીયલ બ્લાસ્ટ કેસ અંતર્ગત સજા પામેલા અને સાબરમતી જેલમાં સુરંગ કાંડમાં સંડોવાયેલા પાંચ આરોપીઓના રિમાન્ડ મેળવવા શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા દાખલ કરેલ રિવિઝનલ અરજીની સિટીસિવિલ સેશન્સ કોર્ટે આજરોજ ફગાવી દીધી છે અને પાંચેય આરોપીઓને જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો છે.

સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવનાર રાજ્યની હાઈસિક્યુરીટી સાબરમતી જેલમાં સુરંગ ખોદી ભાગવાના આરોપસર પકડાયેલા પાંચ આરોપીઓ હાફીઝ હુસૈન તાજુદ્દીન મુલ્લા, શીવલી અબ્દુલ કરીમ, સાદુલી અબ્દુલ કરીમ, નસીર અહેમદ લિયાકત્લી, જાહીદ કુતુબુદ્દીન શેખની શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી રિમાન્ડ અર્થે મેટ્રોકોર્ટમાં રજૂ કરાયા હતા.

જ્યાં મેટ્રોકોર્ટે આરોપીઓના રિમાન્ડ ના મંજૂર કર્યા હતા. ત્યારબાદ શહેર ક્રાઈમ બ્રાંચે રિમાન્ડ મેળવવા સિટીસિવિલ સેશન્સ કોર્ટમાં રિવીઝનલ અરજી કરી હતી. અરજી સંદર્ભે બન્ને પક્ષોના વકીલોની દલીલો પૂર્ણ થઈ ગઈ હતી. સરકારી વકીલે રિમાન્ડ આપવા દલીલ કરતાં કહ્યું હતું કે, આરોપીઓ સામે ગંભીર પ્રકારનો ગુનો છે. તેમજ કેસની વધુ તપાસ જરૂરી હોવાથી તેમજ તપાસના નિષ્કર્શ સુધી પહોંચવા રિમાન્ડ જરૂરી છે તેથી આ પાંચેય આરોપીઓના રિમાન્ડ મળવા જોઈએ કોર્ટે બન્ને પક્ષોની દલીલો સાંભળી રિમાન્ડ અર્થેની રિવીઝનલ અરજી ફગાવી દીધી હતી. તેમજ પાંચેય આરોપીઓને જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મેટ્રો કોર્ટે શરૂઆતમાં આ પાંચેય આરોપીઓને દસ દિવસના રીમાન્ડ આપ્યા હતા. પરંતુ મેટ્રો કોર્ટ બાદ આજે સેશન્સ કોર્ટે પણ તેમના રીમાન્ડ ના મંજૂર કર્યા હતા.

સાબરમતી જેલ સુરંગ કાંડઅન્ય ૪ આરોપી કસ્ટડી મેળવવાની અરજી મંજૂર

અમદાવાદ, તા.૧૬

રાજ્યના ખૂબ જ ગંભીર અને ચકચારભર્યા સાબરમતી જેલ સુરંગકાંડમાં સંડોવાયેલો ૧૪ આરોપીઓપૈકી બાકી રહી ગયેલા ચાર આરોપીઓ સેફુર રહેમાન, ઈમરાન શેખ શાકીબ નિસાર અહેમદ, મોહમંદ ઉસ્માન અનિષ મન્સુરીની કસ્ટડી મેળવવા કરેલી શહેર ક્રાઈમ બ્રાન્ચની અરજી નામદાર કોર્ટે ગ્રાહ્ય રાખી છે.સાબરમતી જેલ સુરંગ કોર્ટમાં સંડોવાયેલા ૧૪ આરોપીઓપૈકી ૧૦ આરોપીઓના રીમાન્ડ અને જેલ કસ્ટડીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે બાકી રહેલા ચાર આરોપીઓ સામે કાયદાકીય પ્રક્રિયા આગળ ચલાવવા શહેર ક્રાઈમ બ્રાંચેચાર્યેય આરોપીઓની કસ્ટડી મેળવવા નામદાર કોર્ટમાં અરજી કરી હતી.

વેબ ક્વિકર અભ્યાસ માટે ઈન્સ્ટીટ્યુટ ખોલી ઠગાઈ

વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ આપવાના બહાને રૂપિયા દોઢ કરોડની ઠગાઈનું કૌભાંડ ઝડપાતા ભારે સનસનાટી

અમદાવાદ, તા.૧૬

ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટની ગેરંટી આપી ઈન્સ્ટીટ્યુટમાં ચલાવવામાં આવતા કરોડો રૂપિયાની ઠગાઈનું કૌભાંડ અમદાવાદમાં પ્રકાશમાં આવ્યું છે. ઈન્સ્ટીટ્યુટની ખરી ચકાસણી કર્યા વિના એડમીશન લઈ રહેલ વિદ્યાર્થીઓને ચેતવણીરૂપ આ કિસ્સો અમદાવાદના યુનિવર્સિટી વિસ્તારમાં પ્રકાશમાં આવ્યો છે. જ્યાં પાસપોર્ટ ઓફીસની બાજુમાં એક કોમ્પ્યુટર લેંગવેજ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ ચલાવવામાં આવતી હતી. ટ્રેનીંગ બાદ તત્કાલીક જોબ પ્લેસમેન્ટની ગેરંટી આપતી આ ઈન્સ્ટીટ્યુટનો સંચાલક ૨૦૦ વિદ્યાર્થીઓ પાસેથી અડધા કરોડથી વધુની રકમ ઉઘરાવીને ફરાર થઈ ગયો હતો. જેની ફરીયાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાતા આ શખ્સ ચાંદખેડા વિસ્તારમાંથી ઝડપાયો હતો. જેનાં વિરુદ્ધ પોલીસે ઠગાઈનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્યારના આધુનિક સમયમાં શિક્ષણોના વ્યાપ વધતા અને સામે નોકરીની તકોનું એટલા મોટા પ્રમાણમાં સર્જન ન થતા ડીગ્રી બાદ પણ વિદ્યાર્થીઓએ બેકાર રહેવાનો વારો આવે છે. વિદ્યાર્થીઓની આ લાચારીનો ફાયદો ઉઠાવી જોબપ્લેસમેન્ટના નામે વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ આચરતી ઈન્સ્ટીટ્યુટનો પણ જાણે શહેરમાં રાફડો ફાટ્યો છે. તેનો વધુ એક દાખલો તાજેતરમાં પ્રકાશમાં આવ્યો છે. જેમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં પાસપોર્ટ ઓફીસની સામે આવેલા એક કોમ્પ્લેક્ષમાં અનુરાગ સોની નામના યુવાને વેબ ક્લીકર ઈન્સ્ટીટ્યુટ નામની સંસ્થા ખોલી હતી. આ ઓફીસમાં ૧૫ કર્મચારીઓના સ્ટાફની પણ ભર્તી કરી કોમ્પ્યુટર લેંગવેજ કોર્સની ટ્રેનિંગ આપવાની જાહેરાત કરી હતી અને કોર્સમાં એડમીશન લેનાર યુવકોને ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટની ગેરંટી આપી હતી. આ રીતે અનુરાગે શહેરના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ પાસેથી ૪૫ હજાર રૂપિયા લેખે કુલ ૯,૦,૦૦,૦૦૦ રકમની ઉઘરાણી કરી હતી. આ ટ્રેનિંગ કોર્સમાં જોડાયેલા એક યુવકે ટ્રેનિંગ બાદ નોકરી આપવાની માંગણી કરી હતી. તે બાદ અનુરાગ અવનવા બહાના રજુ કરતો પરંતુ એક પણ વિદ્યાર્થીને નોકરી આપી શક્યો ન હતો. જેથી ઉશ્કેરાયેલા વિદ્યાર્થીઓએ પોતાની ફી પરત માંગી હતી. જેના પગલે અનુરાગે બે વિદ્યાર્થીઓને ચેક પણ આપ્યા હતા. જોકે ચેક બેંકમાં રિટર્ન ગયા હતા. જેના કારણે વિદ્યાર્થીઓને પોતે ઠગાઈનો ભોગ બન્યા હોવાની ખાતરી થઈ હતી. વિદ્યાર્થીઓએ વારંવાર ઉઘરાણી કરતા અનુરાગ ઓફીસ અને ઘર છોડીને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ વિદ્યાથીએ સોની વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના પગલે પોલીસે તપાસ કરતા અનુરાગ સોની ચાંદખેડા વિસ્તારમાંથી ઝડપાઈ ગયો હતો. જેના પાસેથી પોલીસને ચોકાવનારી વિગતો પ્રાપ્ત થઈ હતી. જે મુજબ અનુરાગે આયોજનબદ્ધ રીતે ઠગાઈ આચરી હોવાનું બહાર આવ્યું છે. અનુરાગે તેની ઓફીસ, ઘર, કોમ્પ્યુટર, લેપટોપ બધુંજ ભાડેથી રાખ્યું હતું. ઠગાઈ બાદ પોલીસ કોઈ રીકવરી ન કરી શકે તે માટે તેની યોજના હતી. આટલુંજ નહીં અનુરાગ સોનીએ અમદાવાદ ઉપરાંત વડોદરામાં પણ ઓફીસ ખોલી જોબ પ્લેસમેન્ટના નામને ઠગાઈ આચરી હતી.

મોરારીબાપુ પ્રેરિત અસ્મિતા પર્વ મહુવામાં ૨૨મી એપ્રિલથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૫

સાહિત્ય-સંગીત અને નૃત્યના ત્રિવેણી સંગમ સમા અસ્મિતા પર્વનું આયોજન આગામી તા. ૨૨ થી ૨૫ એપ્રિલ દરમ્યાન શ્રી કૈલાસ ગુરુકુલ, મહુવા ખાતે કરવામાં આવ્યું છે. પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં યોજાનાર આ કાર્યક્રમના અંતે કૈલાસ લલિતકલા એવોર્ડ, હનુમંત એવોર્ડ અને નટરાજ એવોર્ડની અર્પણવિધિનો કાર્યક્રમ તલગાજરડા, શ્રી ચિત્રકુટ ધામ ખાતે યોજાશે. આ સમગ્ર કાર્યક્રમનું 'આસ્થા' ટીવી ચેનલ પરથી જીવંત પ્રસારણ થશે.

અસ્મિતા પર્વ-૧૬ના ભાગરૂપે આગામી તા. ૨૨મી એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન સાહિત્યિક સંગોષ્ઠિ યોજાશે. જેમાં કવિ કર્મ પ્રતિષ્ઠા અને કાવ્ય પાઠ થશે. વિનોદ જોશી, હરિકૃષ્ણ પાઠકની કાવ્ય સૃષ્ટિ અને રાજેન્દ્ર પટેલ, મણિલાલ પટેલની કાવ્ય સૃષ્ટિનો પરિચય કરાવશે. જ્યારે સાહિત્યકારો સર્વશ્રી હરિકૃષ્ણ પાઠક અને મણિલાલ પટેલ કાવ્ય પણ કરશે. આ કાર્યક્રમનું સંચાલન હર્ષદ ત્રિવેદી કરશે. સાંજે ૩.૩૦ થી ૬.૩૦ દરમ્યાન ગ્રંથમધુ કાર્યક્રમ યોજાશે. અશ્વિન મહેતા કૃત 'છબિ ભીતરની'નું રસદર્શન સતીશ વ્યાસ, મધુસૂદન ઢાંકી કૃત 'શનિ મેઘલા'નું રસદર્શન યજ્ઞેશ દવે અને રસિક શાહ કૃત 'અંતે આરંભ'નું રસદર્શન સુમન શાહ કરાવશે જ્યારે સંચાલન નિસર્ગ આહિર કરશે. જ્યારે રાત્રે ૮.૩૦ કલાકે રામવાડી, તલગાજરડા ખાતે સંગીત-નૃત્ય મહોત્સવ યોજાશે. શરબની મુખર્જી અને વૃંદ નૃત્યનાટિકા રજૂ કરશે. તા. ૨૩મી એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન શિક્ષણ અને સાહિત્ય વિષય પર સાહિત્ય સંગોષ્ઠિ યોજાશે. જાણિતા શિક્ષણવિદ ચંદ્રકાન્ત ભોગયતા શિક્ષણનું સાહિત્ય, ભદ્રાયુ વછરાજાને શિક્ષણ દ્વારા સાહિત્ય અને ભરત જોશી સાહિત્ય દ્વારા શિક્ષણ વિષય પર વક્તવ્ય આપશે. સંચાલન રૂપલ માકંડ કરશે. સાંજે ૩.૩૦ થી ૬.૩૦ દરમ્યાન મારી કલાયાત્રા અંતર્ગત ચીમનલાલ નાયક, દિવાળીબેન ભીલ, ભીખુદાન ગઢવી પોતાની વાત કરશે. જ્યારે બળવંત જાની સંચાલન કરશે. રાત્રે ૮.૩૦ કલાકે ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે સંગીત-નૃત્યુ મહોત્સવ યોજાશે. જેમાં ઉત્સાદ રસીદખાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત રજૂ કરશે. જ્યારે તા. ૨૪મી એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન 'હું અને મારી કૃતિ' કાર્યક્રમ રજુ થશે. જેમાં જાણીતા સાહિત્યકારો બિન્દુ ભટ્ટ પોતાની કૃતિ અખેપાતર, ગીતાનાયક ઈલેટ્રીક ટ્રેઈન અને વર્ષા અડાલજા અણસાર વિશે ચર્ચા કરશે. સંચાલન વિનોદ જોશી કરશે. જ્યારે સાંજે ૪ થી ૬.૩૦ દરમ્યાન કાવ્યાયન કાર્યક્રમમાં કમલ વોરા, જગદીશ દવે, પ્રીતમ તખલાણી, જયેશ ભટ્ટ, લક્ષ્મી ડોબરીયા, રમણિક અગ્રાવત અને એષા દાદાવાલા રજૂઆત કરશે. રાત્રે ૮.૩૦ કલાકે ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતેસંગીત નૃત્ય મહોત્સવ યોજાશે. જેમાં ખંડિત એલ સુભ્રમણ્યમ, વાયોલિન વાદન કરશે. સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ અને પરિવાર સંગતિ આપશે. તા. ૨૫મી એપ્રિલના રોજ સવારે-૯ વાગે શ્રી ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે છબિકલાની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં તસવીરકાર પ્રાણલાલ પટેલને કૈલાસ લલિતકલા એવોર્ડ અર્પણ કરાશે. ભારતીય શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં હનુમંત એવોર્ડ શાસ્ત્રીય વાદ્યસંગીત ક્ષેત્રએ પંડિત એલ શુભ્રમણ્યમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત ક્ષેત્રે ઉત્સાદ રસીદખા, શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે સુશ્રી ઉમા શર્મા અને શાસ્ત્રીય વાદ્ય સંગીત ક્ષેત્રે વિદ્યાન ઉમયલપુરમ કે શિવરામનૂને અર્પણ કરાશે. જ્યારે અભિનયક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં નટરાજ એવોર્ડ ગુજરાતી લોકનાટ્ય ક્ષેત્રે સુશ્રી દામિની મહેતા, ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે સુશ્રી વનલતા મહેતા, ભારતીય ટેલીવિઝન શ્રેણી ક્ષેત્રે કંવલજીતસિંગ અને ભારતીય ફિલ્મ ક્ષેત્રે પ્રાણને અર્પણ કરાશે. પૂ. મોરારિબાપુ પ્રાસંગિક અભિવ્યક્તિ કરશે.

શબ્દાવલી - ૫૦૦૯



આડી ચાવી

૧. ગુમડા પર લગાવાતી દવા (૩)
૪. ચરણ, ચાલવા માટે... જોઈએ (૨)
૬. જન્મોત્રી (૪)
૭. ઘોડાને ચલાવવા... હાથમાં રાખવી પડે છે (૩)
૯. કાખ, હાથના જોઈન્ટનો નીચલો ભાગ (૩)
૧૦. ઠંડુ (૩)
૧૨. રવેશ, ગેલેરી (૩)
૧૩. લાભ, ગેરલાભ (૪)
૧૫. સેટી, પલંગ (૨)
૧૬. સાર, સત્ત્વ (૨)
૧૭. પાર ઉતારવાની મજુરી (૪)
૧૮. દુકાનનું દ્વાર (૩)

ઊભી ચાવી

૧. ગરજ, હેતુ (૪)
૨. વેલવેટ, કાપડની જાત (૪)
૩. રસોઈની વિવિધતા (૩)
૪. વેરો - આંતરો (૪)
૫. ફળોનો ગર્ભ (૨)
૮. 'ગગા' શબ્દ ઊંધો (૨)
૧૦. બાટલી (૨)
૧૧. કપાળ, ભાલ (૩)
૧૨. સાદલી, કાંધી (૪)
૧૪. આપણો દેશ (૩)
૧૫. પાકેલું (૩)
૧૬. કહ્યામાં હોય તેવું (૨)

શબ્દાવલી ૫૦૦૮ના જવાબ

આડી ચાવી :- (૧) શુભારંભ (૪) ખપત (૬) વળતર (૮) શાલીનતા (૯) વડ (૧૦) હોળી (૧૧) વૈતરી (૧૩) લાચા (૧૫) કસબ (૧૭) શકુનિ (૨૦) હોહા (૨૧) લાજ (૨૨) પાવનકારી

ઊભી ચાવી :- (૧) ભાગ્યશાળી (૩) ભવન (૪) ખત (૫) પરવરીશ (૭) ળતાવે (૧૦) હોબાળો (૧૨) તક (૧૩) લાશ (૧૪) ચાકુ (૧૬) બલિહારી (૧૮) નિભાવ (૧૯) વિજ (૨૦) હોકા

વેરા વસુલાત માટે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવાની તાતી જરૂરિયાત છે અને મને પણ સમયાંતરે સપ્તાહમાં એક વખત અહેવાલ મળવો જોઈએ.

જેસરકારીમિલ્કતોજેતેવિભાગની જ્યાં આવેલી છે તેની પણ વેરા બાકીમાં મોટી રકમ હોવાથી તે માટે વિભાગોના અધિકારીઓનેપણ આ સરકારી નાણાંની ભરપાઈ સમયસર થાય તે જોવા માટે જણાવ્યુંહતું.

આજની આ બેઠકમાં લેણાં વસુલીની કામગીરીનો આંક ૩૦ ટકા જેટલો પણ ન હોવાનું જણાતાં તેમણે કડક તાકીદ કરી હતી. પાણીવેરો, વીજળી વેરો અને મહેસુલી વેરાની વસુલાત અસરકારક રીતે થયા તે જોવા પર તેમણે વિશેષ ભાર મુકયો હતો.

નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત સફાઈની કામગીરીને પણ સઘન બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. જિલ્લા કલેકટરશ્રીએ આજની બેઠકમાં એપ્રિલ માસથી રાજયમાં શરૂ થઈ રહેલા ગરીબ કલ્યાણ મેળાઓની તૈયારીઓ પણ શરુ કરવા માટે અધિકારીઓને જણાવ્યું હતું.

ગ્રામીણ વિસ્તારોમાં દબાણના મુદ્દે પણ અસરકારક કામગીરી કરવા અધિકારીઓને જણાવવામાં આવ્યું હતું.

ધોરણ ૧૦ પરીક્ષા પેપરની ચકાસણી સોમવારથી શરૂ

અમદાવાદ,તા. ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે હવે પેપર ચકાસણીની પ્રક્રિયા સોમવારથી શરૂ થઈ જશે. બોર્ડના અધિકારીઓએ આ મુજબનો સંકેત આપ્યો છે. અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે ૩૫ નોડલ સેન્ટરો રાજ્યભરમાં ઊભા કરવામાં આવી રહ્યા છે જયાં શિક્ષકો ઉત્તરવરણીઓની ચકાસણી કરશે. તબક્કાઓમાં આ સેન્ટરોની સંખ્યા વધારીને ૧૦૦ કરવામાં આવે તેવી પણ શક્યતા છે. ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૯.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ બેઠા હતા. જે મુજબ તમામ વિષયોની ઉત્તરવહીઓની સંખ્યા અંદાજિત ૫૫ લાખ જેટલી થઈ ગઈ છે. આશરે ૧૫ હજાર શિક્ષકોને પેપર ચકાસણીની ફરજ માટે રોકવામાં આવ્યા છે. ફરજ ઉપર રહેલા અધિકારીઓએ કહ્યું છે કે ફરજ ઉપર હાજર થવા તેમના શિક્ષકોની ખાતરી કરવા સ્કૂલોને જરૂરી આદેશો જારી કરવામાં આવી ચૂક્યા છે. આમા નિષ્ફળ રહેનાર સામે શિસ્તના પગલાં લેવામાં આવશે. શિક્ષકોને સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ચકાસણીની પ્રક્રિયા સમયસર પૂરી થાય તેવા પગલાં લેવાઈ રહ્યા છે. દરમિયાન ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા ગઈકાલે પૂરી થઈ હતી. વિદ્યાર્થીઓનું કહેવું છે કે હવે ચકાસણી પ્રક્રિયા શરૂ થયા બાદ પરિણામની તેઓ રાહ જોશે. ચકાસણીની પ્રક્રિયા શરૂ થયા બાદ વહેલી તકેઆ પ્રક્રિયાને પૂર્ણ કરી લેવાની હિલાચલ હાથ ધરાશે. ચકાસણીની પ્રક્રિયા ક્યારે પૂર્ણ થશે તે અંગે બોર્ડના અધિકારીઓએ વાત કરી નથી પરંતુ ૧૫ હજારથી વધુ શિક્ષકોને આ જવાબદારી સોંપવામાં આવી છે જેથી ચકાસણીની પ્રક્રિયા વહેલી તકે પૂરી કરવામાં આવે તેવી શક્યતા છે.

જિલ્લા સંકલન ફરિયાદ સમિતીની યોજાયેલી બેઠક

અમદાવાદ, તા.૧૬

જિલ્લાના વિકાસ કામો ઉપરાંત પ્રાથમિક સુવિધા જેમકે વીજ કનેકશન, રસ્તા અને પાણીના કનેકશનના કામોને પ્રાધાન્ય આપવા અધિકારીઓને તાકીદ કરી હતી. પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા, પશુપાલન અને ખેતી અંગેની પરિસ્થિતીની ચર્ચા કરી હતી.ચર્ચા કરવા માટે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતીની બેઠક યોજાઈ હતી. જેમાં લોકો દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નોનો સમય મર્યાદમાં ઉકેલ લાવવા જિલ્લાના સંબંધિત અધિકારીઓને જિલ્લા કલેકટર વિજય નેહરાએ સૂચના આપી છે.

ગુજરાત સરકાર
નં.જ.સં.પા.પુ. અને જ. વિભાગ
કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ યાંત્રિક વિભાગ નં. ૩, બ્લોક નં. ૯/૯, નવા સચિવાલય, ગાંધીનગર. (ટેન્ડર ઇન્કાઈરી ૧૧૦૦૦૬)
ઈ-ટેન્ડર નિવિદા નં. ૧૬ વર્ષ ૨૦૧૨-૧૩

૧. કામનું નામ : પ્રોવાઈડીંગ એન્ડ ફીટીંગ ઓફ ન્યુ રબ્બર સીલ ઓફ ૯ મી. x ૨ મી. (કુલ ૮ ગેટ) વર્ટીકલ ગેટ અને સ્ટોપલોગ ઓફ ૩.૫ મી. x ૦.૫ મી. (કુલ ૨૪ નંગ ટાયર) પ્રોવાઈડીંગ એન્ડ ફીટીંગ ઓફ ચેકર્ડ પ્લેટ એટ સમ પાર્ટ ઓફ હોઈસ્ટ પ્લેટફોર્મ એન્ડ બીલો સીડીયુ., તેમજ સીડીયુ ઈ.આર.યુ. અને ગાઈડ રોવરનું સર્વીસીંગ તેમજ અન્ય મરામતના કામો ઓફ લાકરોડા રીચાર્જ યોજનાના ગામ : અનાડીયા
૨. અંદાજીત કિંમત : રૂ. ૨૬,૪૬,૫૧૫/-
૩. ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય :- ૩૦/૩/૨૦૧૩ ૧૮-૦૦ કલાક સુધી
૪. ફીઝીકલ ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ : ૧/૩/૨૦૧૩થી ૦૫/૦૪/૨૦૧૩ ૧૮-૦૦ કલાક સુધી
૫. ફીઝીકલ ટેન્ડરની વિગતો મોકલવાનું સ્થળ :
કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ યાંત્રિક વિભાગ નં. ૩, બ્લોક નં. ૯/૯ નવા સચિવાલય, ગાંધીનગર (૬) વધારાની તમામ વિગત માહિતી વેબસાઈટ ઉપર જોવા મળશે. **website : https/nwr.nprocure.com** (૭) કોઈપણ સુધારો ફક્ત ઓન લાઈન કરવામાં આવશે. જે માન્ય રાખવાનો રહેશે.
માહિતી/૨૪૬૩/૧૨-૧૩

કંપની સમાચાર

કલ્યાણ જવેલર્સના ટી.એસ. કલ્યાણરામન અબજોપતિની ફોર્બર્સની યાદીમાં : ભારતમાં બાવનમાં અને વૈશ્વિક સ્તરે ૧૩૪૨મા

કલ્યાણ જવેલર્સના ચેરમેન અને મેનેજિંગ ડાયરેકટર ટી. એસ. કલ્યાણરામને અબજોપતિની ફોબર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત થયું કર્યું છે. કલ્યાણરામનની નેટ વર્થ ફોબર્સ યાદી મુજબ એક અબજ ડોલર (રૂા. ૫૪૦૦ કરોડ) છે.

આ પ્રસંગે બોલતા કલ્યાણરામને જણાવ્યું હતું કે પ્રતિષ્ઠિત ફોબર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત થયું તેની વિશેષ લાગણી છે. અમારા ગ્રાહકોના પીઠબળ વિના આ શક્ય ન હોત. અમે કલ્યાણ જવેલર્સમાં જવેલરી રિટેઈલ વેપારમાં હંમેશા વ્યવહારૂં અને પારદર્શકતા પર ભાર આપતા આવ્યા છીએ. આને કારણે કલ્યાણ જવેલર્સ આજે નવી ઊંચાઈને સ્પર્શે છે. આ સફળતા અમારા સર્વ ગ્રાહકોને કારણે છે અને તેની આ નિમિત્તે હું તેમનો ખાસ આભાર માનું છું. કલ્યાણ જવેલર્સ શોરૂમ અને ટર્નઓવરની દૃષ્ટિએ દેશમાં એકલ સૌથી વિશાળ કંપનીની માલિકીની જવેલરી રિટેઈલ શૃંખલા છે. જેણે જવેલરી રિટેઈલમાં એસબીઆઈ પાસેથી એક મહત્તમ બુલિયનની ખરીદીમાં ૫ ટનનો આંક પાર કર્યો છે. ભારતનાં કંપનીના ૪૫ સ્ટોર છે અને મધ્ય પૂર્વમાં પાંચ સહિત માર્ચ ૨૦૧૪ સુધીમાં વધુ ૩૬ શરૂ કરવાની યોજના છે.

બ્લૂ સ્ટારે આવાસી ઘટકમાં આકમકતા સાથે ધ્યાન કેન્દ્રીત કરવા તેની ઉપસ્થિતિ ૫૦૦ શહેરો અને ૨૫૦૦ આઉટલેટ સુધી વધારી

એર કન્ડીશનીંગ અને વાણિજ્ય રેફ્રીજરેશન ક્ષેત્રની અગ્રણી કંપની બ્લૂ સ્ટાર લિમિટેડ આવાસી ઘટક માટે સમકાલીન અને સ્ટાઈલીસ્ટ રૂમ એર કન્ડીશનરની નવી શૃંખલા રજૂ કરવાની ઘોષણઆ કરી છે, જે સમગ્ર દેશમાં ૫૦૦ જેટલા શહેરોમાં ૨૫૦૦ આઉટલેટમાં ઉપલબ્ધ થશે. આધુનિક વિશેષતા, કલરની પસંદગી અને અધ્યાધુનિક ટેકનોલોજી ઉપરાંત આ કન્ડીશનરમાં સારા એવા પ્રમાણમાં વીજ-બચત પણ થાય છે.

બ્લૂ સ્ટાર ભારતની સૌથી મોટી સેન્ટ્રલ એર કન્ડીશનીંગ કંપની છે અને વિવિધ પ્રકારના એક કન્ડીશનર્સનો આશરે સાત દાયકાનો અનુભવ ધરાવે છે. અગાઉ બ્લૂ સ્ટારે ઓફીસ રેસ્ટોરન્ટ, શોરૂમ બોટીક જેવા કોર્પોરેટ તથા વાણીજ્ય ક્ષેત્રો પ્રત્યે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું, અલબત્ત આવાસ ક્ષેત્રમાં પણ કંપનીના વેચાણમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ઉપરાંત વિશાળ જગ્યામાં ઠંડકના ફેલાવા માટે બ્લૂ સ્ટાર અગ્રેસર છે. આથી એના રૂમ એરકન્ડીશનર્સ અચૂક કાર્યક્ષમ હોય છે. તેવી ખાતરીએ પણ વેચાણ વધારામાં ખાસ ફાળો આપ્યો છે. આ પ્રવાહને આગળ ધપાવતાં કંપનીએ આવાસી ક્ષેત્રની જરૂરિયાત પરિપૂર્ણ કરવા ૨૦૧૧ થી વધુ આકમકતા સાથે માર્કેટિંગ વ્યૂરચનામાં ફેરફાર કર્યો છે. કંપનીની આ વ્યૂહરચનાને અસાધારણ સફળતા સાંપડી છે. અને છેલ્લા બે-એક વર્ષનાં રૂમ એક કન્ડીશનર્સ ઉદ્યોગના વેચાણમાં ઘટાડો નોંધાયો હોવાં છતાં બ્લૂ સ્ટારના રૂમ એર કન્ડીશનર્સના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. કંપની ૨૦૧૩ માં પણ આવાસી વિભાગ તરફ આકમક રીતે ધ્યાન કેન્દ્રીત કરવાનું આયોજન ધરાવે છે.

ઇન્ડિયા ફર્સ્ટ લાઇડ રજૂ કરે છે પર્સનલાઇઝડ પિક્ચર પોલિસી પેક્સ

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સે ભારતમાં સર્વપ્રથમવાર તેના ગ્રાહકો પાસે પર્સનલાઈઝર પિક્ચર પૉલિસી પેકસની રજૂઆત કરી છે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. પી. નંદગોપાલ દ્વારા આ સેવાઓની જાહેરાત કરવામાં આવી હતી.

આ સેવાઓને કારણે ગ્રાહકોને તેમની પૉલિસી ડૉક્યુમેન્ટ્સ પર પોતાનાં કુટુંબની તસ્વીર મુકવાની તક ઉપસ્થિત થશે. આ પગલાં અંગે ડૉ. પી. નંદગોપાલે જણાવ્યું હતું કે, જયારે ગ્રાહકો વીમો લે છે ત્યારે તે પોતાની મેળે લેવાતું વિચારતાં નથી. પરંતુ લાંબાગાળાને લક્ષમાં રાખીને લે છે. ગ્રાહકો તેમનાં વીમાને આજની સાથે સાંકળતા નથી. હકીકતમાં ગ્રાહક માટે આવતીકાલ કરતા આજનું વધારે મહત્ત્વ છે.

ક